ચૂંટાયેલી પાંખની મુદત પૂર્ણ થતાં વહિવટ અધિકારીઓના હાથમાં

હિંમતનગર, વડાલી અને બાયડ પાલિકામાં વહીવટદારનું શાસન

હિંમતનગર, તા.૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ શરૂ થઈ છે. સંભવિત રીતે મે. મહિનાના પ્રથમ સપ્તાહમાં આ ચૂંટણીઓ યોજાય તેવી શક્યતા રહેલી છે. વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થતાંની સાથે ચૂંટણીની જાહેરાત થાય તે પહેલાં નગરપાલિકાઓમાં ચૂંટાયેલા પક્ષના શાસનનો અંત આવી ગયો છે. રાજ્યની ૭૧ નગરપાલિકાઓની મુદત પૂર્ણ થતાં વહીવટદાર શાસન અમલમાં ભન્યું છે. જેમાં સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર અને વડાલી તેમજ અરવલ્લી જિલ્લાની બાયડ નગરપાલિકામાં હવે વહીવટદારની નિમણૂંક કરી છે.

સરકારના હુકમ મુજબ નિયુક્ત કરાયેલા વહીવટદારોને મર્યાદિત સત્તાઓ આપવામાં આવી છે અને વહીવટદાર તરીકેના કાર્યકાળ દરમિયાન તેઓ કોઈપણ પ્રકારના નીતિ વિષયક નિર્ણયો લઈ શકશે નહીં. વહીવટદારોએ અગાઉની ચૂંટાયેલી પાંખ દ્વારા મંજૂર થયેલા વિકાસલક્ષી કામોના વર્કઓર્ડર આપવા પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ જેવી આવશ્યક સેવાઓ જાળવી રાખવી તેમજ પ્રજાના પ્રશ્નો અને રોજીંદા વહીવટનું સંચાલન કરવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે આગામી સમયમાં ચૂંટણીની જાહેરાત ન થાય ત્યાં સુધી આ વ્યવસ્થા યથાવત રહેવાની છે. પાલિકામાં વહીવટદાર શાસન આવતાં હવે ત્રણ પાલિકા વિસ્તારોમાં હવે પડતર કામોની ગતિ કેવી રહેશે તેના ઉપર પ્રજાજનોની મીટ ટેકવાઈ છે. જિલ્લાની ૩ નગરપાલિકાઓમાં વહીવટદારનું શાસન અમલમાં આવતાં હવે વહીવટી તંત્ર દ્વારા પાલિકાઓના સંચાલન માટે હિંમતનગર નગરપાલિકામાં હિંમતનગર પ્રાંત અધિકારી, વડાલી નગરપાલિકામાં મામલતદાર અને બાયડ નગરપાલિકામાં સંચાલન માટે બાયડ મામલતદારની વહીવટદાર તરીકે નિમણૂંક કરવામાં આવી છે

મુદત પૂરી થાય તેના સપ્તાહ અગાઉ વહીવટદારોની નિયુક્તિથી આશ્ચર્ય

આગામી તા.૧૬ માર્ચ-૨૦૨૬ના રોજ જિલ્લાની ૪ નગરપાલિકામાં વર્તમાન સત્તાધિશોની મુદત પૂરી થવાની છે પરંતુ એક સપ્તાહ અગાઉ જ રાજ્ય સરકારે મુદત પૂર્ણ કરતી નગરપાલિકાઓમાં વહીવટદારની નિયુક્તિ કરતાં કોન્ટ્રાક્ટરો અને ચીફ ઓફિસરો મીલીભગત ન આચરે તે હેતુસર આ પગલું ભરાયાની પણ ચર્ચા ચાલી રહી છે.

ચૂંટણીમાં વિલંબને પગલે નિર્ણય

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૮ મુજબ નગરપાલિકાઓની મુદત ૫ વર્ષની હોય છે. રાજ્યની ૭૧ નગરપાલિકાઓની મુદત માર્ચ-૨૦૨૬માં પૂર્ણ થતી હોવાથી વહીવટી શુન્યાવકાશ ન સર્જાય તે હેતુથી વહીવટદારની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં સાબરકાંઠા અને અરવલ્લીની પાલિકાઓમાં હવે ચૂંટાયેલા પ્રમુખ કે કોર્પોરેટરને બદલે સરકારી અધિકારીઓ જનતાના પ્રશ્નો અને રોજીંદા વહીવટનું સંચાલન કરશે.

ત્રણ પાલિકામાં વહીવટદારનું શાસન લાગુ થતાં પૂર્વે કોન્ટ્રાક્ટરો અને કેટલાક ચીફ ઓફિસરોની દોડાદોડી

પાલિકાનો વહીવટ પ્રાંત અધિકારી વિશાલ પટેલ સંભાળશે

મોડાસા પાલિકામાં ૧૬ માર્ચથી છઠ્ઠી વખત વહીવટદાર નિમાયા

મોડાસા,તા.૧૦

મોડાસા પાલિકામાં છેલ્લા ૫ વર્ષથી પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધીઓના હાથમાં શાસન ધૂરા હતી. હવે ૨૦૨૧ ની ૧૬ માર્ચથી અસ્તિત્વમાં આવેલી ચૂંટાયેલ બોડીની ૫ વર્ષની મુદત પુર્ણ થતી હોવાથી અ-વર્ગની નગર પાલિકામાં ૧૬ માર્ચ ૨૦૨૬થી પુનઃ વહીવટદારનું શાસન અમલમાં આવશે. પાલિકા શાસનમાં છઠ્ઠીવાર વહીવટદારના હાથમાં વહીવટી ધૂરા આવતાં ૪૦ વર્ષના પાલિકા શાસનમાં અગાઉ ૪ વર્ષ ૩ માસનો ગાળો વહીવટદારોના શાસનનો રહયો હતો.

મોડાસા પાલિકાની છેલ્લી ચૂંટણી ૨૦૨૧ ની ૨૮ ફેબ્રુઆરીએ યોજાઈ હતી. પાંચ વર્ષની મુદતમાં ભાજપાના શાસન દરમિયાન અઢી વર્ષ મહિલા પ્રમુખ જલ્પાબેન ભાવસાર અને બાઉીના અઢી વર્ષ માટે પ્રમુખ પદે નિરજ શેઠે વહીવટ સંભાળ્યો હતો. હવે આ બોડીની મુદત પૂર્ણ થતી હોવાથી ૧૬ માર્ચથી અરવલ્લી જિલ્લાની એક માત્ર મોડાસા પાલિકામાં વહીવટદારનું શાસન આવશે. રાજયના શહેરી વિકાસ વિભાગે મોડાસાના પ્રાંત અધિકારી વિશાલ પટેલની પાલિકામાં વહીવટદાર તરીકે સોમવારે નિયુક્તિ કરી હતી. ત્યારે હવે ૧૬ માર્ચ ૨૦૨૬ થી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી નાયબ કલેક્ટર વી.આર. પટેલ નું શાસન પાલિકામાં વર્તાશે. ૧૯૮૬થી મોડાસા નગરમાં પાલિકા દરજ્જાનું શાસન છે. ત્યારે આજ સુધીના ૪૦ વર્ષમાં મોડાસા નગર પાલિકામાં પાંચવાર વહીવટદારોનું શાસન આવ્યું હતું અને હવે છઠ્ઠીવાર આ નગર પાલિકાનો વહીવટ વહીટદાર સંભાળશે. મોડાસા પાલિકાના ૪૦ વર્ષના ગાળામાં ૧૯૮૭થી ૧૯૯૨ સળંગ પાંચ વર્ષ પાલિકાના પ્રમુખ પદે આસ્તાભહુસેન દુરાની એ સંભાળી હતી. અને ત્યાર બાદ આજ દિન સુધી એક પણ પ્રમુખ સળંગ ૫ વર્ષ માટે સત્તાના સૂત્રો સંભાળી શકયા નથી. છેલ્લા ૪૦ વર્ષથી પાલિકા શાસનમાં પાંચવાર વરાયેલા વહીવટદારોએ સરેરાશ જુદાજુદા તબક્કે ૪ વર્ષ ૩ માસ દરમિયાન શાસન ધૂરા સંભાળી હતી અને ૨ પ્રમુખોએ ૧ વર્ષ, ૧૦ પ્રમુખોએ અઢી વર્ષ અને બે પ્રમુખોએ અનુક્રમે ૩ માસ ૧૨ દિવસ અને ૮ માસ ૧૮ દિવસ પાલિકાનો વહીવટ સંભાળ્યો હતો.

પાલિકામાં ક્યારે ક્યારે વહીવટદારનું શાસન અમલમાં આવ્યું

વહીવટદાર	સમય
૧. નગર પંચાયતમાંથી પાલિકામાં	૧ વર્ષ રૂપાંતરના સમયે
૨. તા.૧૬/૧૧/૯૨ થી ૧૮/૧/૯૫	૨ વર્ષ ૨ માસ
૩. તા.૧૧/૧/૨૦૦૦ થી ૧૮/૧/૨૦૦૦	૮ દિવસ
૪. તા.૧૯/૧/૨૦૦૫ થી ૮/૧૧/૨૦૦૫	૯ માસ ૨૦ દિવસ
૫. ૧૫/૧૨/૨૦૨૦ થી ૧૧/૩/૨૧	૩ માસ

નગરપાલિકા શાસનના ૪૦ વર્ષમાં સરેરાશ ૪ વર્ષ ત્રણ મહિના સુધી વહીવટદારોએ શાસન ધૂરા સંભાળી

તમાકુના ઉત્પાદન ઉપર ટેક્સનો માર, ખેડૂતો પાયમાલ

જિલ્લામાં તમાકુનું વાવેતર કરનારા ખેડૂતોને પાક વેચવામાં પડતી મુશ્કેલી

હિંમતનગર, તા.૧૦

કેન્દ્ર સરકારે તમાકુ અને ગુટખા સહિતના હાનિકારક ઉત્પાદનો ઉપર ઉંચો ટેક્ષ લાગુ કર્યા પછી તેની અસર હવે ગામડાંના ખેડૂતો સુધી પહોંચી છે. સાબરકાંઠા અને અરવલ્લીમાં ખેડૂતોએ રવી સીઝનમાં ૧૦,૧૮૫ હેકટરમાં તમાકુનું વાવેતર કર્યું છે પરંતુ હવે કાપણી પછી વેપારીઓ ઉંચા જી.એસ.ટી.ના કારણે તમાકુની ખરીદી કરવા તૈયાર ન હોવાથી ખેડૂતોની હાલત કફોડી થઈ છે. જિલ્લામાં ઓછા વિસ્તારમાં તમાકુનું વાવેતર કરનારા ખેડૂતોને તમાકુ વેચવા માટે ભટકવાનો વારો આવ્યો છે અને તમાકુ ઉપર ભારે ટેક્ષનો માર ખેડૂતો માટે ફટકરૂપ સાબિત થયો છે.

ઊંચા જી.એસ.ટી.થી વેપારીઓ તમાકુની ખરીદી કરવા તૈયાર ન હોવાથી ખેડૂતો મુઝાયા

કેન્દ્ર સરકારે તા.૧ ફેબ્રુઆરી-૨૦૨૬થી તમાકુ ઉત્પાદનો ઉપર નવું કર માળખું અમલમાં મૂક્યું છે. નવા નિયમ મુજબ મોટાભાગના તમાકુ ઉત્પાદનો ઉપર લગભગ ૪૦ ટકા જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો છે.

જ્યારે બીડી ઉપર ૧૮ ટકા જી.એસ.ટી. લાગુ છે આ ઉપરાંત અન્ય તમાકુના ઉત્પાદનો ઉપર વાયરાની એક્સાઈઝ ડ્યુટી અને અન્ય શેષ લાગુ કરતાં તમાકુ ઉપર ટેક્ષનો ભાર અનેક ગણો વધી ગયો છે. જેના કારણે તમાકુ ખરીદનારા વેપારીઓ અને પ્રોસેસીંગ એકમો ઉપર આર્થિક બોજ વધ્યો છે.

સાબરકાંઠામાં રવી સિઝનમાં ખેડૂતોએ ૮,૫૩૩ અને અરવલ્લી જિલ્લામાં ૧,૬૫૨ હેકટરમાં ખેડૂતોએ સારા ભાવ મળવાની આશામાં તમાકુનું વાવેતર કર્યું હતું અને કાપણી થયા પછી તમાકુ વેચવાની તૈયારીઓ કરી છે પરંતુ હવે વેપારીઓ ઊંચા ટેક્ષના કારણે તમાકુ ખરીદવા તૈયાર નથી. વેપારીઓએ તમાકુ ખરીદવાનો ઈન્કાર કરતાં તમાકુનો જથ્થો ખેડૂતોના ઘરે પડ્યો રહે તેવી સ્થિતિ પેદા થઈ છે. તમાકુનું વાવેતર કરવા માટે ખેડૂતોએ મોટો ખર્ચ કર્યો છે. જેમાં બીજ, ખાતર, દવા અને મજૂરી સાથે પાક તૈયાર થયો છે પરંતુ બજારમાં માત્ર જી.એસ.ટી. ઉંચો હોવાના કારણે તમાકુની ખરીદી કરવાનું વેપારીઓ ટાળી રહ્યા હોવાથી ખેડૂતોની હાલત કફોડી થઈ છે.

તમાકુ પર વધતા કર અને કડક નિયમોના કારણે વેપારને પણ ઘીમી અસર થાય તેમ હોવાથી જો ખરીદી વ્યવસ્થા સુધરશે નહીં તો ખેડૂતોને હવે તમાકુનું વાવેતર જ બંધ કરવું પડશે તેવી સ્થિતિ ઉભી થઈ છે. સ્થાનિક વેપારીઓ તમાકુ ખરીદી માટે તૈયાર ન હોવાના કારણે જિલ્લાના ડેટલાક ખેડૂતોએ તો અન્ય જિલ્લાઓમાં તમાકુ વેચવા માટે પહોંચ્યા પરંતુ ત્યાં પણ સાવ તળીયાનો ભાવ બોલવામાં આવતાં હવે ખેડૂતો માટે તમાકુની ખેતી નુકસાનકારક સાબિત થઈ છે.

ટ ચુ ક ડી જા. ખ.

નામ બદલેલ છે મેં મારૂ નામ સનાઉલ્લા યાસિન ગુડાળ થી બદલીને નવું સનાઉલ્લા યાસીનભાઈ ગુડાળ રાખેલ છે. મુ.પો. મોલીપુર ગુડાળ વાસ, તા. વડનગર, જિ. મહેસાણા

નામ બદલેલ છે મેં મારૂ નામ ગુડાળ હુઝેફાભાઈ યાસિન થી બદલીને નવું નામ ગુડાળ હુઝેફાભાઈ યાસીનભાઈ રાખેલ છે. મુ.પો. મોલીપુર, ગુડાળ વાસ, તા. વડનગર, જિ. મહેસાણા

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે ચૂકતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. મહેસાણા વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે ૧૧૪-૧૧૫, જી.આઈ.ડી.સી. એસ્ટેટ મહેસાણા હાઈવે, મહેસાણા ખાતે છાપ્યું અને પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

મેઘરજના ટાંડા ગામેથી બોગસ તબીબ પકડાયો

મેઘરજ તા.૧૦

તાલુકાના જીવલપુર ટાંડા ગામે અશોક કુમાર વજીરાર કોઈ પણ ડિગ્રી વગર દર્દીઓને સારવાર કરી રહ્યો છે અને પોતાના ઘરે જ પ્રેક્ટિસ કરે છે. આ બાતમીના આધારે પોલીસે મેડિકલ ઓફિસરને સાથે રાખીને રેડ કરી હતી. ચાર વર્ષથી જીવલપુર ટાંડા ગામે પોતાના ઘરે જ મેડિકલની પ્રેક્ટીસ કરતો હોવાનું જણાવ્યું હતું. ડીક્રટી સર્ટિફિકેટ કે આધાર પુરાવા ન હોવાથી પોલીસે અશોક વજીરારા સામે કાર્યવાહી હાથ ધરી છે. તેમો એમને સુદી અભ્યાસ કરેલો છે. માત્ર અનુમાન અને અનુભવના આધારે લોકોને તપાસીને સારવાર કરતો હતો.

આ મામલે પોલીસે અશોક વજીરારાને પકડી પાડયો હતો અને તેના ઘરમાંથી એલોપેથીક દવાઓ, સાધનો સહિત ૫,૬૧૬ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

અવસાન નોંધ

શ્રી સરસ્વતિ મુક્તિધામ ટ્રસ્ટ, સિધ્ધપુર

સ્વ.પટેલ અરવિંદભાઈ જેઠીભાઈ તારામ, ઉંમ.૪૪, ઊંઝા, તા.ઊંઝા
સ્વ.ભક્ત રાજેન્દ્રકુમાર દશરથલાલ, ઉંમ.૬૩, સિધ્ધપુર, તા.સિધ્ધપુર
સ્વ.ચંચાલ પુનાભાઈ જોઈતાભાઈ, ઉંમ.૭૯, વામૈયા, તા.પાટણ
સ્વ.પદ્મા સરતનભાઈ ચેહરાભાઈ, ઉંમ.૫૮, સાલમ, તા.પાલનપુર
સ્વ.પટેલ અમૃતભાઈ દ્વારકાદાસ, ઉંમ.૭૦, કામલી, તા.ઊંઝા
સ્વ.પટેલ કાંતિભાઈ મૂળચંદદાસ, ઉંમ.૮૫, ઊંઝા, તા.ઊંઝા
સ્વ.પટેલ શંકરલાલ જેઠાલાલ, ઉંમ.૮૨, રણછોડપુરા, તા.ઊંઝા
સ્વ.પટેલ સંતોકબેન દ્વારકાદાસ, ઉંમ.૮૪, હરિપુરા, તા.મહેસાણા
સ્વ.પટેલ દશરથભાઈ ચેહાભાઈ, ઉંમ.૬૯,અમદાવાદ,તા.અમદાવાદ
સ્વ.પટેલ મીરાતબેન નારણદાસ, ઉંમ.૮૬, મગુના, તા.મહેસાણા
સ્વ.મેવાડા ગોવિંદભાઈરણછોડભાઈ, ઉંમ.૬૬, તેનીવાડા, તા.વડગામ
સ્વ.વ્યાસ કાંતિલાલ અમથાલાલ, ઉંમ.૯૫, ઉંડર, તા.ઉંડર
સ્વ.જોષી હંસાબેન ડાહ્યાલાલ, ઉંમ.૬૨, પાલનપુર, તા.પાલનપુર
સ્વ.તરીપટીયા જેઠાભાઈ મોતીભાઈ, ઉંમ.૮૦, સરીપડા, તા.પાલનપુર
સ્વ.પટેલ હરગોવિંદભાઈ અંબારામ, ઉંમ.૮૮, રણછોડપુરા, તા.ઊંઝા
સ્વ.પટેલ દશરથલાલ ચોવિંદભાઈ, ઉંમ.૬૧, રણછોડપુરા, તા.ઊંઝા
સ્વ.દરજી હીરાબેન છોટાલાલ, ઉંમ.૭૮, ખરડોસણા, તા.દીસા
સ્વ.ઠાકોર ગોકરજી જીતાજી, ઉંમ.૫૬, નવી સેષલી, તા.વડગામ
સ્વ.ઠાકોર કિરણજી અરવિંદજી, ઉંમ.૧૮, હમીદપુર, તા.પાટણ
સ્વ.ઠાંગોર દશરથજી ચંદનસિંગ, ઉંમ.૬૯, ચારૂપ, તા.સરસ્વતી
સ્વ.પટેલ પ્રવીણબેન બળદેવભાઈ, ઉંમ.૮૪, મહેસાણા, તા.મહેસાણા
સ્વ.ઠાકોર કરશનજી અનુપજી, ઉંમ.૮૦, રેર, તા.પાટણ
સ્વ.રાજપૂત પુરીબા જશુજી, ઉંમ.૮૩, ખિલોડા, તા.સતલાસણા
સ્વ. ઠાકોર પ્રવીણજી કુંવરજી, ઉંમ.૪૮, પીલોજ, તા. પાટણ
સ્વ.ભાટી માયુસિંહ ડેદેસિંહ, તા.૩૯, દેતાલુ, તા.વાવ થરાદ
સ્વ.સાલવી મંજુલાબેન ડાહ્યાલાલ, ઉંમ.૭૧, પાટણ, તા.પાટણ

રહેમાનપુરા પ્રાથમિક શાળા તા.ખેરાલુ જુ.મહેસાણા જર્જરીત એક (સિમેન્ટ) રૂમની જાહેર હરાજી

વધારે તમામ જાહેર ખબરો જુવાવવાની હોય તો કે કોમનપણા

પ્રાથમિક શાળા તા.ખેરાલુ જુ.મહેસાણાના શિક્ષકોના એક (૧) ઓરડાની જાહેર હરાજી તારીખ ૧૬/૦૩/૨૦૨૬ ને મંગળવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે શાળાના રૂમમાં રાખવામાં સમાવેલ છે હરાજીમાં ભાગ લેનારે રૂ.૧૦૦૦ ડિપોઝીટ જમા કરાવવાની રહેશે. હરાજી બોલીમાં ઓછા વધતા ભાવ પડે તો પણ સ્વીકારવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારે સરકારમાન્ય સંસ્થાનોએ સાથે સભ્યનું રહેશે. હરાજી રામકારે સ્વરૂપ રકમ સમા પર તેમજ ઉંચકે જમા કરાવવાની રહેશે. ઠાકોરી રકમ પરત કરવામાં આવશે. ટ્રાન્સફર ચાર્જ ખરીદનારે ચૂકવવાનો રહેશે. હરાજીની શરતો અને નિયમો સ્થળ પર જાહેર કરવામાં આવશે.

સ્થળ:- રહેમાનપુરા
તારીખ: ૧૬/૦૩/૨૦૨૬ ને મંગળવાર
સમય: ૧૨:૦૦ કલાકે બપોરે

સહીવાળી
શાળા વ્યવસ્થાપક સમિતિ
ખેરાલુ જુ.પ્રાથમિક શાળા
તા.ખેરાલુ જુ.મહેસાણા

ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ સાયન્સમાં

ગણિત વિષયમાં છબરડાથી વિદ્યાર્થીઓને ત્રણ ગુણનું ગ્રેસિંગ આપવાની માંગણી

હિંમતનગર, તા.૧૦

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડ પરીક્ષામાં ગણિત વિષયમાં પ્રિન્ટીંગ ભૂલના કારણે વિદ્યાર્થીઓને ૩ ગુણનું નુકસાન થવાની દહેશત ઉભી થઈ છે ત્યારે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા ૩ ગુણનું ગ્રેસીંગ આપવાની અનેક વાલીઓએ માંગ કરી છે. ગણિતના પેપરમાં પ્રશ્ન નં.૧૮માં અદીશને બદલે સદીશ છપાયું છે.

વિજ્ઞાન પ્રવાહમાં ગણિતના પ્રશ્નપત્રમાં પણ છબરડો, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં કચવાટ

બોર્ડ દ્વારા ખાસ કરીને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રશ્નપત્રમાં અગાઉ પણ પ્રિન્ટીંગમાં છબરડાના કારણે બોર્ડ સામે વિદ્યાર્થી-વાલીઓ સહિત વિષય શિક્ષકોમાં પણ નારાજગીનો સૂર જોવા મળતો હતો પરંતુ પાછલા ૨-૩ વર્ષ દરમિયાન બોર્ડ સજાગ બનતાં પ્રિન્ટીંગ છબરડા જોવા મળ્યા ન હતા પરંતુ ગત રોજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ ગણિત વિષયની પરીક્ષા દરમિયાન પ્રિન્ટીંગમાં મોટો છબરડો સામે આવ્યો છે. પેપર એકંદરે સરળ હતું પરંતુ પ્રિન્ટીંગ ભૂલના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ ૩ ગુણ ગુમાવે તેવી દહેશત ઉભી થઈ છે. તાજતાંબ કેટલાક વિદ્યાર્થીઓ તથા વાલીઓએ બોર્ડને પ્રિન્ટીંગ છબરડા અંગે ધ્યાન દોરી સદીશ ગુણાકારને સ્થાને અદીશ ગુણાકાર શબ્દ આવવો જોઈએ તેમ જણાવ્યું છે. જો કે કેટલાક વિષય શિક્ષકોએ ગયા વર્ષે પણ આજ પ્રકારની ભૂલ થઈ હોવાનું જણાવી રહ્યા છે.

માલપુરના સવાનીયાના મઠ પાસે અકસ્માતમાં એકનું મોત

માલપુર તા.૧૦

માલપુરના સવાનીયાના મઠ પાસે બ્રેસર સાથે મોટરસાઈકલ અથડાઈ હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અન્ય વ્યક્તિને ઈજા થતાં સારવાર માટે ખસેડાયા હતા.

બ્રેસર સાથે મોટરસાઈકલ અથડાયું પરિવારમાં શોકનો માહોલ છવાયો

માલપુરના મેવડા ગામે લીમડી કળીમાં રહેતા ગોપાલભાઈ જગદીશભાઈ પગીને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અઘાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગોપાલભાઈ જગદીશભાઈ પગીને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

જાહેર નોટીસ

શ્રી એ.પી.ભાઈ મામલતદાર અને એડઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિજાપુરની કોર્ટમાં

અરજદાર:- શ્રી રાજેશ મણસંગભાઈ પટેલ વગેરે
મોકાણ એ.પી.ભાઈ મામલતદાર અને એ.એમ.ગોસ્વી કેસ નં.૩/2016
મોકાણ મોજે, પોકરણી પુર્વે ઠે.વાલમીડી, તા. વિજાપુર, જિ.મહેસાણા

વિગત

સામાન્યાણા: (૧) વલાડ ગામ મોકીર્ડ, નોંધણીપુરા જુના ગામ પંચાયત મુ.નોંધણીપુરા જુના ગામ પંચાયત તા. વિજાપુર, જિ.મહેસાણા.
(૨) વાલમીડી, પી.સોનાર કાંકરાણા મુ.વિજાપુર,તા.વિજાપુર,જિ.મહેસાણા.

જાહેર માલ નીલામી અધિનિયમ-૧૯૩૬ની કલમ-૧૩(૩) ઇકલની સરણ અન્વયે જાહેર નોટીસ

આથી સામાન્ય જણાવવા કિમોમેન જણાવવાનું કે, અરજદારની ઉપરોક્ત જાહેરાતના પોકેટની જમા ૩.૦૧૦૦૦/૧૦૦૦૦ ના રોજ મોકલેલ્યુ. વિજાપુર તા.વિજાપુર મુકામે થયેલ, પરંતુ જે તે વખતે ઉપરોક્ત તેમના તી નીચે વાલમા કેડો કલમે કરવાની રહી ગયેલ હોવી. જમનની નીચે કલમવા અરજદ કરેલ છે. આ અરજણા અનુસંધાનમાં કોઈ ઉલ્લેખને વાંધો ના તકરાર હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૧૫ દિવસ મુદ્દામાં અમોને લેખિતમાં જણાવી જાણે વાંધો રજુ કરવો. અન્યથા અરજણની નાખોદ કરવામાં આવશે. જેની લોકાણ વધવાના તમામ ઉલ્લેખોને નોંધ લેવી.

આજ તારીખ: ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા શોર્ટનો શિક્કો કરી આપ્યો.

(શિક્કો અને સહી) માલપુરા એ.પી. એડઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વિજાપુર

સતલાસણા શાખા
ગાંધીનગર ઝોન
સમાનગીરો મૂકેલ વાહનની જાહેર હરાજીની નોટીસ

આથી વાહન ઝોન લેનાર નીચેના કરજદાર, તેમના કાનૂની વારસદાર અને સામાન્ય જનતાનુ ધ્યાન દોરવામાં આવે છે કે મેં દ્વારા વારંવાર ઈમાઈ/નોટિસ આપવા છતા, નીચેના કરજદારે બેંકને તેમના બોજાની ચુકવણી કરી નથી.
આથી આ નોટીસ પ્રકાશિત કરવામાં આવે છે કે જો તેઓ તારીખ ૧૩.૦૪.૨૦૨૬ સુધીમાં તેમના સંબંધિત વાહન લોન ખાતામાં (આર સુધીનું વ્યાજ અને તમામ ઝોલ ચાર્જિસ/ખર્ચાઓ સહીત) તેમના તમામ લેણાં જમાં કરાવવામાં નિષ્ફળ જશે તો https://baanknet.com દ્વારા તા. ૧૫.૦૪.૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી તેમના સમાનગીરો મૂકેલ વાહન (જેમ છે જુવાં છે" "જે છે તે મુજબ" "જે કંઈ છે" અને "અસ્થાન વિના") જાહેર જનતા માટે ઓનલાઈન લીલામમાં મુકવામાં આવશે. આ માટે બેંક સંબંધિત ઝળતા સેવાદાર અથવા સંકીર્ણના અધિકૃત અથવા નુકસાન માટે જવાબદાર રહેશે નહિ અને આ સંબંધમાં ત્રાહક તેમજ વારસી કીર્તિપણ અથવા રજુવાતોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
બિડિંગમાં ભાગ લેવા વધારે વધુ કરજદારો વધારાની ઓફર કરી શકે છે. જો વધારાની ઓફર ન કરવામાં આવે તો ખોલા ઉંચામેરીની રકમ જમા કરાવવાની રહેશે. જે વાહિનોએ અંતિમ બિડિંગમાં ભાગ લીધો હોય અને કોઈ વધુ બિડ કરી લેવા તે તેમની બિડ સ્વીકારવામાં આવશે અને તેઓ સાત દિવસની અંદર બેંકમાં સંપૂર્ણ રકમ જમા કરાવવા માટે બંધાયેલ હોવા જોઈએ. જો તેમ કરવામાં આવશ્યક હશે તો તેમની ઉંચામેરીની રકમ જપ્ત કરવામાં આવશે. જો બિડિંગની કિંમત ઓછી કે અપૂરતી આવી હોવાનું જણાતુ હોય તો બેંક કોઈપણ કારણ આપ્યા વગર લીલામ રદ કરવાનો અધિકાર અબાધિત રાખે છે. વધુમાં, જો જરૂરી લાગે તો, બેંક ઉપરોક્ત શુચિત્વિત લીલામની તારીખ, સમય અથવા સ્થાન બદલવાનો અથવા કોઈ પણ કારણ આપ્યા વિના તેને રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

કરજદારનું નામ, ખાતા નંબર સમ્રા લાકી લોનનો	સમાનગીરો મુકેલ વાહનનું મોડલ અને રજીસ્ટ્રેશન નંબર (ઓક્શનિંગ સેક્યુરી દ્વારા જપ્ત)	વાહન ચિત્રિયાણી ગામે કરીમાડી	રીઝર્વ કિંમત ગામે કરીમાડી	બીડ વધારાની રકમ	ઈ-હરાજીની તારીખ અને સમય
શ્રી વિનયકિંદ વેજાજી રાજપૂત ખાતા નંબર ૨૨૧૬૧૦૧૧૦૦૦૧૦૪ એનપીએ તા. ૦૮.૦૩.૧૦૧૪ એનપીએ મુજબ બાકી લોણ રૂ. ૧,૧૯,૦૪૮.૪૪ + વધુમાં ૨ ટકા બ્યાજ+ચાર્જસ	મારૂતી સુઝુકી એક્સાઈલર, સ્વાર્ટ લાઈટ્સ ડેટા (કોર સીરીઝ) રજી. નં. GJ-02-DJ-8593 ચેસીસ નં. MA3CNG325MK271525 એન્જીન નં. K15BN8191284 કલર: પર્લ આર્ટિક વાઈટ	તારીખ ૧૩.૦૪.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦	રૂ. ૪,૬૯,૧૦૦/- ઉંચામેરી રૂ. ૨૬,૯૪૦/-	રૂ. ૧૦,૦૦૦/-	તારીખ ૧૫.૦૪.૨૦૨૬ સમય સવારે ૧૧ થી સાંજે ૫

એનપીએ / અન્ય માધ્યમ દ્વારા ભારી રહેલ બીડની રકમ જમા કરવાના માટે બેંક ખાતાની વિગત:
બેંક ઓફ ઈન્ડિયા, સતલાસણા શાખા, ખાતા. નં. ૨૨૧૬૦૨૦૨૦૦૦૦૦૩૩, આઈએફએસસી કોડ: BKID0002216

હરાજીના વેચાણની બીડ અને ઉંચામેરી ફોર્મ્સ ઈમેલ દ્વારા અથવા વ્યક્તિગત થશે અને હરાજી માટે ખાસ માટે બાંયેધરી કરીને બેંક ઓફ ઈન્ડિયા, ગુરૂજિત લેવાદરની બીડ https://baanknet.com અને https://www.bankofindia.bank.in/ ના કોલમ્સ ઓ. હરાજી માટેની રાખે મામિતી માટે મહેરબાની કરીને બેંક ઓફ ઈન્ડિયા, સતલાસણા શાખા, મો. ૯૬૮૦૪૮૬૬૧૨ ઉપર સંપર્ક કરો.

તારીખ: ૧૧.૦૩.૨૦૨૬, સ્થળ: સતલાસણા — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા

Bank of Baroda

ઉંઝા શાખા, એપોલોમલ્ટી કોમ્પ્લેક્ષ રોડ, ઉંઝા-૩૮૫૪૭૦
જુ. મહેસાણા, **ફોન નં. : (૧૯૨૭૨) ૨૫૩૮૦૦**
ઈમેલ: unjha@bankofbaroda.co in : www.bankofbaroda.in

સ્થાવર/જંગમ મિલકત/તો ના વેચાણ માટે નોટીસ
(સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૧) હેઠળ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ.

આથી નીચે દર્શાવેલ(ઓ) દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) અને જાહેર જનતાને જણાવ કરવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર અને જંગમ મિલકતો સિક્યોરીટી લેણદારને ગીરો /ચાર્જ કરવામાં છે, જેનો બેંક ઓફ બરોડા, સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ